જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૧૧/૨૦૨૩   બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૮૯૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-   સમાચાર યાદી નં.૧૮૯૩/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** અનુપભાઇ સુરેશચન્દ્ર પટેલ (રહે.બાલકૃષ્ણનગર, જૈન દેરાસરની બાજુમાં, સૈજપુર બોઘા, નરોડા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૩ રાતના ૮/૪૫ થી તા.૨૧/૧૧/૨૦૨૩ સવારના ૭/૧૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા પૃષ્ટી ફ્લેટ સામે, સ્વાતી ચાર રસ્તા પાસે, શરણ્ય એવન્યુ ખાતે આવેલ “ઓમ ફીઝીયોથેરાપી ક્લીનીક એન્ડ ફિટનેશ સેન્ટર” નું શટર ઉંચુ કરી, કાચના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ “શેઠ ડેન્ટલ ક્લીનીક” માંથી રોકડ રૂપિયા ૩૫૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**નિકોલઃ** હસ્તીમલ રઘુવીરદાસ વૈષ્ણવ (રહે.શ્રીમદ એલીગન્સ સોમનાથ મંદિરની બાજુમાં નિકોલ) એ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૧/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૭,૯૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શીયાલ ચલાવે છે.

**આનંદનગરઃ** હેમલતાબહેન વા/ઓ મુકેશકુમાર શોર્ય (રહે.ગજરાજ બંગ્લોઝ વિભાગ-ર સફલ પરીવેશ પાસે, કોર્પોરેટ રોડ આનંદનગર) એ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૩ સાંજના ૬/30 થી તા.૨૧/૧૧/૨૦૨૩ ના કલાક ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** દિવ્યેશ અશોકભાઈ દુબે (રહે, આવિષ્કાર બંગ્લોઝ, સુરધારા સર્કલ પાસે, થલતેજ) તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૪/૧૧/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન ગુરૂકુલ, આવકાર કોમ્પ્લેક્ષ પહેલા માળે "ડી.ટુ.લૉ એસોસીયેટ" નામની ઓફીસના દરવાજાનો નકુચો અને તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તથા ચાંદીની મુર્તી તથા ચાંદીનો પુજાનો સામાન કિંમત રૂપિયા ૯૧,૮૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૧,૮૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

## <u>સોનાની મગમાળા ખેંચી તોડી લઇ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૯૪/૨૦૨૩</u>

**નારણપુરાઃ** હીનાબહેન વા/ઓ આનંદભાઇ દણાક (ઉ.વ.૫૮)(રહે.સુંદરનગર હાઉસીંગ સોસાયટી મનીષ હોલની બાજુમાં નારણપુરા) તા.૨૧/૧૧/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે નારણપુરા સુંદરનગર હાઉસીંગ સોસાયટી સામે થી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ હીનાબહેનના ગળામા પહેરેલ સોનાની મગમાળા કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હીનાબહેન દણાકએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ટી.ચારણ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૯૫/૨૦૨૩</u>

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અર્પિતાબહેન વા/ઓ પ્રગનેશકુમાર શાહ (ઉ.વ.૩૭)(રહે.દેવ ક્રિષ્ટલ એપાર્ટમેન્ટ જયમાલા ચાર રસ્તા પાસે ઈસનપુર) તા.૨૧/૧૧/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઈસનપુર મંગલેશ્વર મહાદેવ મંદિરથી આવકાર હોલ તરફ મંગલેશ્વર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સામેથી ચાલતા પસાર તહી રહ્યા હતા ત્યારે ઓટોરિક્ષા જીજે ૦૧ ટીડી ૭૧૦૬ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અર્પિતાબહેનને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અર્પિતાબહેનના પતિ પ્રગનેશકુમાર શાહે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૬/૨૦૨૩**

**નિકોલઃ** અમી ઉર્ફે અમીષા ડો/ઓ મહેશભાઈ પટેલ (ઉ.વ.૨૪)(રહે.શ્યામ સોદર્ય ફલેટ નિકોલ ફાયર સ્ટેશન સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીઆ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી